**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો.)**

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– 34350/2022

આંક :–

૧. ગુનો બન્યાની તારીખ :– 07/10/2021

૨. ફરીયાદીનું નામ :– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

૩. આરોપીનું નામ અને સરનામું :– મયુદીન જુમ્માખાન પઠાણ, ઉ.વ.આ.પુખ્ત,
રહેઃ નરોડા અમદાવાદ.

૪. ગુનાની વિગત :– ગુજરાત પ્રોહી.એકટ કલમ–૬૬(૧)(બી),૮૫(૧)
તથા જી.પી. એકટની કલમ ૧૧૦, ૧૧૭.

પ્રશ્ન :– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યું, તે મુજબનો ગુનો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ :– મને ગુનો કબુલ છે.

——————————————— મારા રૂબરૂ

તારીખ :– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ

**(પી.બી.નાયક)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.

(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપી વિરૂધ્ધ પ્રોહી.એકટ કલમ–૬૬(૧)(બી),૮૫(૧)તથા જી.પી. એકટ કલમ ૧૧૦, ૧૧૭ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

"<u>હુકમ</u>"

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપીને પ્રોહી.એકટ કલમ–૬૬(૧)(બી),૮૫(૧) તથા જી.પી.એકટની કલમ ૧૧૦, ૧૧૭ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી સંયુકત રીતે રૂા.૨૦૦/– અંકેરૂપિયા બસો પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ.

**(પી.બી.નાયક)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૮૭૪.